# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૮૫ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૪૪૦ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૧૮ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨.૫ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ સુરત શહેરમાં આગામી ૨ દિવસ વાવાઝોડા સાથે ભારે વરસાદની આગાહી હોઈ સલામતીને ધ્યાને લઈ વરસાદ તથા રોડ-રસ્તાની પરીસ્થિતિને અનુરૂપ જાહેર પરિવહન સેવામાં જરૂરી ફેરફાર કરવામાં આવશે. જેની તમામ શહેરીજનોએ ખાસ નોંધ લેવી. અસુવિધા બદલ ખેદ છે. સલામતી જ અમારી પ્રાથમિકતા છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ........................**
**તા.૩૧/૦૭/૨૦૨૬**